© AJH 2022 | Vol. 04, Issue 02, April – June 2022

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ગુજરાતની સલ્તનત કાલીન ટંકશાળો

**મનિષાબેન એ. જોષી**

પી.એચ.ડી. રિસર્ચ સ્કૉલર, ભારતીય સંસ્કૃતિ વિભાગ,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**માર્ગદર્શકશ્રી : રશ્મિ ઓઝા**

---

***Abstract:***

*ભારતીય ઈતિહાસને જાણવાની સાધનસામગ્રીમાં સિક્કાઓનું મહત્વ ઘણું છે. સિક્કાઓ ઉપરથી તાત્કાલિક રાજાઓની વંશવાળીઓ, ભાષા, લિપિ, ધર્મ, રાજાના બિરદો અને કાલગણનાની માહિતી મળે છે.*

*ભારતીય સિક્કાશાસ્ત્રનો ઇતિહાસ વિવિધતાઓથી ભરેલો છે. સિક્કાઓ પાડવા માટેની ટંકશાળો પણ ઇતિહાસમાં ઘણુ મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતના વિવિધ સિક્કાઓ કઈ ટંકશાળમાં બનતા હતા. તે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસીઓ માટે એક રસપ્રદ વિષય છે. આ શોધપત્રમાં ગુજરાતની સલ્તનત કાલીન ટંકશાળો વિશે માહિતી આપવાનો પ્રયત્ન કરેલ છે.*

*ગુજરાતની સલ્તનત કાલીન ટંકશાળાનો ઇતિહાસ માત્ર ભારતમાં જ નહીં પણ ગુજરાતનાં ઇતિહાસમાં મહત્વનુ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં સલ્તનત કાલ દરમિયાન અમદાવાદ, હિંમતનગર, જુનાગઢ, ચાંપાનેર, દીવ, વડોદરા વગેરે સ્થળોએ ટંકશાળ આવેલી હતી. અને આ ટંકશાળોમાં જે સુલતાનોએ સિક્કાઓ પડાવ્યા તેની માહિતી અ શોધપત્રમાં આપલે છે.*

***Key Words:***

*ટંકશાળ, ખલજીવંશ, તુઘલુકવંશ, અહમદનગર (હિંમતનગર), મુસ્તુફાબાદ (જૂનાગઢ)*

---

ભારતના ઈતિહાસમાં ઈ.સ. ૧૨૦૬ થી ઈ.સ. ૧૫૨૬ ના કાલપલટને દિલ્હીસલ્તનતનું નામાભિધાન આપ્યું છે. દિલ્હીની આ મુસ્લિમ સલ્તનતનો પાયો કુત્બુદીન ઐબક નામનાં તુર્ક સેનાપતિએ નાખ્યો હતો. ઈ.સ.૧૨૦૬ માં મુહમ્મદ ઘોરીનું અવસાન થતા કુત્બુદીનને દિલ્હીમાં " આરંભિક તુર્કી રાજવંશ " (કહેવાતા ગુલામવંશ) ની સ્વતંત્ર સત્તા સ્થાપી તે તખ્ત પર બેઠો ત્યારથી ઉતર ભારતમાં હિંદુઓના ગૌરવ અને વૈભવ વિલાસ શરૂ થયા. બે સદીઓમાં તુર્ક - અફઘાનોએ ભારતમાં ખુણે ખુણે પહોચી જઈને શક્ય એટલા હિંદુ રાજ્યોનો વિનાશ કર્યો. કુત્બુદીન, ઈલ્તુત્મિશ, રઝિય,બલબન વગેરે તુર્ક શાસકોના સમય મુખ્યત્વે બંડ-બળવા સમાવવામાં ગયો. બલબન પછી થયેલ નિર્બળ સુલતાનો અને અમીરોમાં જામેલી સત્તાની સાઠમારીને કારણે અરાજકતા પ્રર્વતી જેનો લાભ લઈને જલ્લાલુદીન નામના ખલજી અમીરી ઈ.સ.૧૨૯૦ માં એ તુર્કી રાજવંશની સત્તાનો અંત આણ્યો.

જલાલુદીને દિલ્હીમાં ખલજીવંશની સત્તા સ્થાપી વૃધ્ધાવસ્થાને લઈને તેનો ભત્રીજો અલાઉદીન કર્તા-હર્તા બન્યો હતો. દગાથી વૃધ્ધ કાકાનું કાળસ કાઢીને અલ્લાઉદીન ઈ.સ.૧૨૯૬માં સુલતાન બન્યો. ભારતના સુલતાનોમાં વિજ્યો અને વ્યવસ્થાની બાબતમાં તે સૌથી સફળ પુરવાર થયો. તેણે રણથંભોર, અને ચિતોડના અજેય ગણાતા ગઢ જીતી લીધા, માળવા, જાલોર, ગુજરાતના હિંદુરાજ્યો પણ સર કર્યા.

અલાઉદીનના અવસાન (ઈ.સ.૧૩૧૬) પછી સત્તાના માટેની સાઠમારી જામી આ અવ્યવસ્થાનો લાભ લઈ ગ્યાસુદીને દિલ્હીમાં તુઘલકવંશની સત્તા સ્થાપી. ગ્યાસુદીનનો ઉતરાધિકારી મુહમ્મદ તુઘલુક કમનસીબ આદર્શવાદી સુલતાન હતો. એના રાજ્યકાલમાં ઠેર ઠેર બળવા થયા કર્યા અને એનુ શમન કરવામાં સુલતાનના જીવનનો કરૂણ અંત આવ્યો ત્યારપછી ફિરોઝ શાહ તુઘલુક (ઈ.સ.૧૩૫૧-૮૮) કટ્ટર મુસ્લિમ સુલતાન હતો. તેણે કુરાન પ્રમાણે રાજ્યતંત્ર ગોઠવ્યું ફિરોઝ શાહના અવસાન પછી સામ્રાજ્ય છિન્ન-ભિન્ન થઈ ગયુ દિલ્હીનું મહત્વ ઘટી ગયું અમીરો, સરદારો અને પ્રાદેશિક શાસકો બળવા કરીને પોતાના સ્વતંત્ર રાજ્ય સ્થાપવા લાગ્યા,

તુઘલુકવંશની સત્તાનો અંત થતા દિલ્હીમાં સૈયદવંશ (ઈ.સ.૧૪૧૪-૧૪૫૧) અને લોદીવંશ (ઈ.સ.૧૪૫૧-૧૫૨૬) ની સત્તા રહી પરંતુ એમની સત્તા ધણી મર્યાદીત બની ગઈ હતી. આ

વંશોના નિર્બળ સમ્રાટોનો શાસનકાલ, પરસ્પર સંઘર્ષ, વિગ્રહ અને વિદ્રોહપુર્ણ રહયો અંતે ઈ.સ. ૧૫૨૬ માં લોદી વંશના છેલ્લા સુલતાન ઈબ્રાહિમને હરાવીને બાબરે દિલ્હીમાં સત્તા સ્થાપી.

આમ ઈ.સ.૧૨૦૬ થી ઈ.સ.૧૫૩૬ સુધીના ૩૨૦ વર્ષમાં દિલ્હી પર પાંચ રાજ્વંશોએ પોતાનું આધિપત્ય જમાવ્યું જોકે એ બધા રાજ્વંશો અલ્પજીવી નીવડ્યા એમાનાં એક પણ રાજ્વંશનું શાસન એક સદી સુધી ચાલ્યુ નહિ. છતાં દિલ્હીની મુસ્લિમ સલ્તનત કેન્દ્રીય સ્થાને હોવાથી તે ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં દૂરગામી અસરકારક બની રહી.[1]

**સલ્તનત કાલીન ગુજરાત**

દિલ્હીના બાદશાહ અલાઉદિન ખલજીએ ગુજરાતના છેલ્લા વાઘેલા સોલંકી રાજ્વી કર્ણ-રજાને હરાવી ગુજરાતમાં પોતાની સત્તા સ્થાપી. (ઈ.સ.૧૨૯૯ થી ૧૩૦૪) તેણે અહિનો વહિવટ કરવા માટે સુબેદારની નિમણુક કરી ત્યારથી ગુજરાતે પોતાની સ્વતંત્રા ગુમાવી અને દિલ્હી સલ્તનતનો પ્રાંત બન્યુ. સુબા એ ગુજરાતના વહિવટ તંત્રનું વડુ મથક અણહીલવાડ પાટણ ચાલુ રાખ્યું.

અલાઉદીનના મૃત્યુ બાદ થોડા જ વખતમા ખલજી સત્તાનો અંત આવ્યો. દિલ્હીમાં તુઘલુક વંશની સત્તા સ્થપાઈ આથી ગુજરાત તુઘલુક રાજ્યનું એક ભાગ બન્યું. મુહમ્મદશાહ તુઘલુકના સમયમાં મુહમ્મદ શરકુલમુલ્ક અલય ખાન (ઈ.સ.૧૩૨૫-૧૩૩૯) મુકબિલ તિલંગી (ઈ.સ.૧૩૩૯-૧૩૪૫) શેખ મુઈઝુઝુદીન (ઈ.સ.૧૩૪૫-૫૦) વગેરે સુબાઓ ગુજરાતમાં સત્તા ઉપર આવ્યા આ સમયે ગુજરાતમા ભયંકર બળવો ફાટી નીકળ્યો. આ બળવો શમાવવા સુલતાન મુહમ્મદ તુઘલુક જાતે ગુજરાતમાં આવ્યો બળવો શમાવીને કેટલાક વખત દૌલતાબાદમાં રહ્યો. આ વખતે મલેક તુગીએ ફરીથી બળવો કર્યો આ ખબર સાંભળી બાદશાહ ગુજરાતમાં પાછો આવ્યો. બાદશાહે તુગીને હરાવી રાજપૂત ઠાકોરોને શરણે આણ્યા થોડાક જ વખતમાં ઈ.સ.૧૩૫૧ માં માર્ચની ૨૦ મીએ એનુ અવસાન થયું તેની જ્ગ્યાએ દિલ્હીમાં એના પિતરાઈ ભાઈ ફિરોઝશાહ ગાદીએ આવ્યો.

ફિરોઝશાહ તુઘલુકના સમયમાં ગુજરાતમાં નિઝામુલમુલ્ક, ઝફરખાન ફારસી, દરિયાખાન ઉર્ફે ઝહરખાન -૨ જો , શમ્શુદીન દામગાની, ફર્હતુલમુલ્ક, વગેરે સૂબાઓ સત્તા પર આવ્યા. સુબા નિઝામઉલ મુલ્કે પોતાના વહિવટ દરમ્યાન શાંતિ અને આબાદી સ્થાપવા મહાન પ્રયત્નો કર્યા હતા. મહેસુલ નિયમિત

રીતે શાહી ખજાનામાં ભરાતુ હતુ. આ સમયે સુલતાન ફિરોઝશાહે સૌરાષ્ટ્ર ઉપર આક્રમણ કર્યું. અને માંગરોળમાં જામે મસ્જીદ બંધાવી. ઈ.સ.૧૩૮૮ માં સુલતાન ફિરોઝશાહનું મૃત્યુ થતા તેની જગ્યાએ દિલ્હીની ગાદી નાસિરૂદીન મહુમ્મદશાહ સુલતાન થયો તેના સમયમાં ફર્હતુલમુલ્ક ઝહરખાન, બિનવજીરૂમુલ્ક વગેરે નાઝિમ તરીકે સત્તા પર આવ્યા આ સમય દરમ્યાન ઈડર, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશો પર મુસલમાનોની સત્તા સંપુર્ણ પણે સ્થપાઈ.

આ સમય દરમિયાન દિલ્હી સલ્તનતની પડતી દશા થઈ અમીરો અને જાગીરદારો અંકુશ વગરના બની ગયા. ગુલામોના બળવા ફાટી નીકળ્યા. ગુજરાતમાં તાતરખાને સ્વતંત્ર સત્તા ધારણ કરી. (ઈ.સ.૧૪૦૩)માં પરિણામે દિલ્હી અને ગુજરાત વચ્ચે સબંધ તુટી ગયો આ વખતે ગુજરાતમાં અરબી, ફારસી ભાષાનો, મુસ્લિમ રાજ્યતંત્રનો, હિજરી સવંતનો, તથા મુસ્લિમ સ્થાપત્યનો વિકાસ થયો હતો.

ઈ.સ.૧૪૦૩માં તાતારખાને પોતે ' મુહમ્મદશાહ ' ખિતાબ ધારણ કરીને ગુજરાતનો પ્રથમ સુલતાન બન્યો. ગાદીએ આવ્યા પછી તરતજ તેણે રાજપીપળાના હિંદુ રાજ્વી ગોહિલરાજા ગેમલસિંહને હરાવી ખંડણી વસુલ કરી ત્યાંથી એ દિલ્હી જવા નિકળ્યો રસ્તામાં નર્મદાનદીના કાઠે આવેલા શિનોરમાં તેનુ મૃત્યુ થયુ. તાતારખાનના મૃત્યુ બાદ તેનો પિતા ઝફરખાન મુઝફ્ફરખાન , મુઝફ્ફરશાહ ખિતાબ ધારણ કરી ગુજરાતનનો સુલતાન બન્યો તેણે પોતાના નામનાં સિક્કા પડાવ્યા સુલતાન મુઝફ્ફરશાહે તાતારખાનના પુત્ર અહમદખાનને પોતાનો રાજ્યવારસ નીમીને રાજ્યવહિવટની તાલીમ આપવા માડી. ઈ.સ. ૧૪૧૦ માં વૃધ્ધાવસ્થાની નબળાઈને લીધે અશક્ત બનેલા મુઝફ્ફરશાહ- ૧ લો પોતાના પૌત્ર અહમદખાન ને " અહમદશાહ" ખિતાબ ધારણ કરાવી ગુજરાતની ગાદી સોપી નિવૃત થયો. ઈ.સ.૧૪૧૧ માં તેનુ મૃત્યુ થયું.

અહમદશાહ-૧ લા એ ગુજરાતની સત્તા સુત્રો ધારણ કરીને ધણીજ કિર્તી સંપાદિત કરી. ગાદીએ આવતા તરત જ તેણે અમીરોને નમાવવા પ્રયતનો શરૂ કર્યા. તેણે જુનાગઢ, ઝાલાવાડ, માળવા, ઈડર, વગેરે પ્રદેશો પોતાની સત્તા હેઠળ આણ્યા. તેનો વંશ તરીકે ઓળખાય છે. એણે આશાવલ પાસે અમદાવાદ શહેર વસાવી ત્યાં પોતાની રાજ્ધાની સ્થાપી. એણે બંધાવેલ ભદ્રનો કિલ્લો, અંદરનો શાહીમહેલ, જુમ્મા મસ્જિદ, ત્રણ દરવાજા વગેરે ખાસ નોધ પાત્ર છે.તેના અમલનો મોટાભાગનો સમય બળવા

સમાવવામાં ગયો. નાના જાગીરદારોને રીઝવવા માટે તેણે વાંટા પધ્ધતિ શરૂ કરી તેણે પોતાના નામનાં સિક્કા પડાવ્યા સિક્કા પાડવા માટે અમદાવાદમાં ટંકશાળા શરૂ કરી.

અહમદશાહ પછી તેનો મોટો પુત્ર મુહમ્મદશાહ-૨ જો સત્તા પર આવ્યો (ઈ.સ.૧૪૪૨-૧૪૫૧) તેણે ચાંપાનેરના રાય ગંગાદાસને હરાવ્યો થોડાક જ વખતમાં તેનુ મૃત્યુ થયુ તેની જગ્યાએ તેનો પુત્ર શાહજાદો જલાલખાન કુત્બુદીન " અહમદશાહ" ઈલ્કાબ ધારણ કરી સુલતાન બન્યો જે અહમદશાહ-૨ જા તરીકે ઓળખાય તે ઈ.સ.૧૪૫૯ માં મૃત્યુ પામ્યો.

અહમદશાહ - ૨ જા ના મૃત્યુ બાદ તેનો નાનો પુત્ર ફતુખાન સત્તા પર આવ્યો (ઈ.સ.૧૪૫૯-૧૫૧૧) જે ગુજરાતના ઈતિહાસમાં " મહમુદબેગડા" તરીકે ઓળખાય છે તે ઘણો પરાક્રમી બાદશાહ હતો. ગુજરાતે તેના સમાયમાં ઘણો વિકાસ કર્યો હતો. તેણે વાત્રક નદીના કાંઠે "મહેમદાવાદ" વસાવ્યુ. અમદાવાદને ફરતો કોટ કરાવ્યો, જુનાગઢ જીતીને ત્યાં નવુ નગર વસાવ્યુ જે " મુસ્તફાબાદ" કહેવાયુ. ચાંપાનેર ને જીતીને ત્યાં બાજુમાં "મુહમ્મદાબાદ" નામે નવું નગર વસાવ્યું, ચાંપાનેરને બીજી રાજધાની બનાવી કચ્છ અને સિંધ પ્રદેશ કબજે કર્યો.

મુસ્લિમ ઈતિહાસકારો એ તેને ગુજરાતના સૌથી વધુ લોકપ્રિય તરીકે બિરદાવ્યો છે. ગુજરાતના સોલંકી રાજવી સિધ્ધરાજ જયસિંહની માફક આ સુલતાનની આસ પાસ ઘણી વાર્તાઓ રચાઈ છે. તેના સમયમાં ગુજરાતમાં વ્યવસ્થિત રીતે ઈસ્લામનો પ્રચાર થયો તેણે ઘણા બાંધકામ કરાવ્યાઅ અમદાવાદની પ્રખ્યાત દાદાહરિની વાવ, તથા અડાલજની વાવ આ સુલતાનના સમયમાં બંધાઇ ઈ.સ.૧૫૧૧ માં તેનુ મૃત્યુ થયું.

મહમૂદ બેગડ પછી ગુજરાતમાં અનુક્રમે મુઝફ્ફરશાહ ૨ જો, સુલતાન સિકંદર, મુઝફ્ફરશાહ ૨ જો, બાદદૂરશાહ, મુહમ્મદશાહ ૩ જો, મહેમૂદશાહ -૩જો, અહમદશાહ-૩જો, મુઝફ્ફરશાહ -૩જો, વગેરે સુલતાનો થયા. આ સર્વે માં બહાદૂરશાહ ઘણો નોંધપાત્ર મનાય છે. સુલતાન બહાદૂરશાહ ગુજરાતની બહારના રાજ્યો જેવા કે વાગડ, માળવા, અહમદનગર, ચિતોડ વગેરે જીત્યા, તેણે ફિરંગીઓનો સામનો કરી દીવને રક્ષણ આપ્યુ. ફિરંગીઓ અને બહાદૂરશાહ વચ્ચે યુધ્ધ થયું બાદશાહ યુધ્ધમાં મરાયો.

બહાદૂરશાહ પછીના સમયમાં અમીરોની ખટપટો ઘણી જ વધી ગઈ. ગુજરાતમાં મિરઝાઓનો ત્રાસ વધ્યો આના પરિણામે અમીરોએ અકબરને ગુજરાતમાં આવવા પ્રેર્યો. મુઝફ્ફરશાહ -૩જા ના સમયમાં ઈ.સ.૧૫૭૨ માં મુઘલ બાદશાહ અકબરે ગુજરાત પર આક્રમણ કર્યું. મુઝફ્ફરશાહ ૩ જા એ અકબરનો સામનો કર્યો. પણ તે ફાવ્યો નહિ મદદ માટે સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે સ્થળોએ નાસભાગ કરવા લાગ્યો છેવટે કચ્છના રાવે તેને દગાથી મુઘલોને સોપી દીધો અંતે ગુજરાતનો આ છેલ્લો સ્વતંત્ર બાદશાહ આપઘાત કરીને મૃત્યુ પામ્યો( ઈ.સ.૧૫૯૧) આ સર્વસુલતાનો એ પોતાના નામના સ્વતંત્ર સિક્કા પડાવ્યા હતા.[2]

**સલ્તનત કાલીન ટંકશાળા**

"ટંકશાળા" શબ્દ મુસ્લિમોના "ટંક" કે "ટંકા" નામના મુખ્ય ચલણી સિક્કા પરથી બનેલો છે. કે જ્યાંથી "ટંક" કે "ટંકા" પાડવા માં આવે તે ટંકશાળા કહેવાતી. સલ્તનતકાલીન મુસ્લિમ સિક્કાઓની વિશેષતા એ હતી કે તેના પર ટંકશાળાનું નામ ઉપરાંત ટંકશાળાનું વિશિષ્ટ ચિન્હ પણ અંકિત કરવામાં આવતું જેના લીધે એ ખબર પડતી કે આ સિક્કો ક્યાંથી બહાર પાડવામાં આવ્યો હતો. ચાંદી કે સોના જેવી કિંમતી ધાતુમાં મિલાવટ થઈ હોય તો તે આ ટંકશાળાના નામ અને ચિન્હથી ઓળખાઇ જતી. કેટલાક સુલતાનોના સિક્કા પર ટંકશાળાના નામ કોતરવામાં આવ્યુ નથી. કદાચ તે રાજધાની (પાટણ કે અમદાવાદ) માંથી બહાર પાડ્યાભોય્બ્તેમ બની શકે. પરંતુ મોટાભાગના સુલતાનો ના સિક્કા પર ટંકશાળાનું નામ મળે છે.

સુલતાન અહમદશાહ -૧ લા ના સિક્કાઓ પર સૌ પ્રથમ ટંકશાળનું નામ જોઈ શકાય છે. ગુજરાત સુલતાનોના ઉપલબ્ધ સિક્કાઓ પરથી ગુજરાતની આ દરેક ટંકશાળોના પોતાના આગવા ચિન્હો હતા. જે સિક્કાને ધ્યાનથી જોતા જોઈ શકાય છે. આ ચિન્હો (જેને સિક્કા સંગ્રાહકની ભાષામાં મિન્ટમાર્ક કહેવામાં આવે છે. મિન્ટ એટલે ટંકશાળ અને માર્ક એટલે ચિન્હ) કલાત્મક અને સુંદર હતા જેનાથી સિક્કો સુંદર લાગતો જોકે બધા સિક્કા પર ચિન્હો જોવા મળતા નથી.

ગુજરાતના મુસ્લમાનોના પ્રાપ્ત સિક્કાઓ પરથી અત્યાર સુધી સાત ટંકશાળોના નામ મળ્યા છે. ટંકશાળના નામ વગરના સિક્કાઓ આ સાત ટંકશાળોમાંથી કોઈ એક ટંકશાળના હોઈ શકે.

અથવા તો બીજી કોઈ અજ્ઞાત ટંકશાળ કે ટંકશાળોમાંથી બહાર પાડવામાં આવ્યા હશે કેમ કે તે કહેવું મુશ્કેલ છે. જે સાત ટંકશાળો ના નામ મળે છે તેમાં

(૧) અહમદાબાદ

(૨) અહમદનગર (હાલનુ નામ હિમંતનગર)

(૩) મુસ્તહાબાદ (જુનાઢ)

(૪) મુહમ્મદાબાદ (ચાંપાનેર)

(૫) દિવ

(૬) દોલતાબાદ (આજનું વડોદરા)

(૭) બુરહાન પૂર (ખાનદેશની રાજધાની હાલ મધ્યપ્રદેશમાં)[3]

1. **અહમદાબાદ :- અમદાવાદ**

સુલતાન અહમદશાહ -૧લા એ ઈ.સ. ૧૪૧૧ માં વસાવેલ આ નગરમાં શાહી ટંકશાળ હોય એ દેખીતુ છે. પણ આ ટંકશાળ માંથી બહાર પાડેલા સિક્કાઓમાંથી આ ટંકશાળનું નામ ધરાવતો એનો એક પણ સિક્કો મળ્યો નથી. એટલુજ નહિ પણ આવો સિક્કો સર્વ પ્રથમ મહમૂદશાહ-૩જા નો હિ.સં. ૯૫૯ માં ટંકાયેલો મળે છે. આશ્ચર્યજનક લાગે છે. ચાંદીના એક સિક્કા ઉપરાંત અહિથી હિ.સં.૯૯૧ માં બહાર પાડેલો મુઝફ્ફરશાહ-૩જાનો એટલે કે એના બીજા રાજ્યકાલનો મળ્યો છે. આ બે નમુના સિવાય સોના કે ચાંદીના અમદાવાદનાં એક પણ સિક્કો મળ્યો નથી એ સૂચક છે. તાંબામાં મહમૂદશાહ-૩જાના સમયના તેમજ એ પછીના સિક્કા મળ્યા છે. એના હિ.સં. ૯૫૩-૯૫૭-૯૬૦ અહમદશાહ-૩જાના હિ.સં. ૯૬૪ અને મુઝફ્ફરશાહ-૩જા ના હિ.સં. ૯૭૦ને ૯૭૭-૭૮ માં બહાર પાડેલા સિક્કા મળ્યા છે. આ બધા સિક્કાઓની સંખ્યા નાની છે.

અહમદશાહ-૧ લા અને બીજા સુલતાનોના સોના ચાંદી તેમજ તાંબાના સિક્કા શાહી ટંકશાળમાંથી બહાર તો પડ્યા હોવા જોઈએ. રેવ ટેલરના મતે રાજધાની આ શાહી ટંકશાળ આખા સલ્તનતકાલમાં થોડાજ વર્ષ દરમ્યાન ચાલુ કે સક્રિય રહી હોય કે એમાંથી આટલી ઓછી સંખ્યા માં અને એ પણ બહુધા તાંબાનાં સિક્કા ટંકાયા હોય એ અસંભવિત છે. બલ્કે એટલુ અસંભવિત છે કે ટંકશાળના નામ વગરના ગુજરાતના બધા સિક્કા અમદાવાદની ટંકશાળમાંથી બહાર પાડ્યા હતા. એવી ધારણા કરવામાં

વાંધો નથી. સલ્તનતની પહેલી ટંકશાળ સર્વેપ્રથમ સ્થપાયેલી અને રાજધાનીમાં હોવાના લઈને મહ્ત્વ માં પણ પ્રથમ તરીકે વિખ્યાત હોય ટંકશાળનું નામ એ સિક્કાઓ પર અંકિત કરવાની આવશ્યક્તા ન જણાઇ હોય આનાથી ઉલટુ બીજી ટંકશાળો માંથી બહાર પાડેલા સિક્કાઓની વિશેષતા જાણવા ખાતર સિક્કાઓ ઉપર ત્યાંની ટંકશાળનું નામ અંકિત કરવામાં આવ્યું હોય એ સ્વાભાવિક છે.

ઉપલબ્ધ નમૂનાઓ પર ટંકશાળના નામ સાથે " અહમદાબાદ" અને માનાર્હ ઉપનામ " શહે મુઅજ્જત" અર્થાત " સૌથી મહાન નગર " મળે છે. મુઝફ્ફરશાહ-3 જા ના ઉપયુક્ત હિ.સં. ૯૯૧ ના સિક્કામાં મનાર્હ ઉપનામ નથી એના બીજા બે સિક્કાઓમાં "દારૂલજર્બ" "અહમદાબાદ" સાથે લખેલુ જોવા મળે છે. તે કોઈ માનાર્હ ઉપનામ નથી પણ તેનો અર્થ આ સિક્કો અહિથી ટંકાયો એવો અર્થ થાય છે.[4]

**2. અહમદનગર :- હિંમતનગર**

સાબરકાંઠા જીલ્લામાં આવેલુ હાલનું હિમંતનગર સલ્તનત કાલમાં અહમદનગર તરીકે ઓળખાતુ તેની સ્થાપનાના સમયથી જ અહી ટંકશાળની સ્થાપના કરવામાં આવી હશે. એમ અહીથી બહાર પડેલ હિ.સં. ૮૨૯ ( ઈ.સ.૧૪૨૭) ના સિક્કા પરથી જણાય છે. આ નગરની સ્થાપના બાદશાહ અહમદશાહે હિ.સં.૮૨૯ (ઈ.સ.૧૪૨૭) માં કરી હતી. આ શહેરનું માનવાચક ઉપનામ સિક્કાઓ ઉપર " શહે હુમાયુ" ( અર્થાત શુકંવંતુ , શુભનગર ) એમ અંકિત થયું છે.

આ ટંકશાળમાંથી મોટાભાગે તાંબાના સિક્કાઓ બહાર પાડવામાં આવતા હશે એમ ઉપલ્બધ સિક્કાઓ પરથી જણાય છે. અહમદશાહના રાજ્યકાલના હિ.સં. ૮૩૪ના વર્ષને બાદ કરતા આ ટંકશાળના દરેક વર્ષના સિક્કાઓ મળ્યા છે. બીજા કોઈ પણ સુલતાનનો એક પણ સિક્કો આ ટંકશાળમાં મળ્યો નથી

**3. મુસ્તફાબાદ :- જુનાગઢ**

મહમૂદ બેગડાએ સોરઠ વિજય પછી. હિ.સં ૮૦૫ માં જુનાગઢનું નામ ઈસ્લામના પેગંબર સાહેબ " મુસ્તફા " ઉપનામ પરથી " મુસ્તફાબાદ " રાખ્યું હતું. આખા સોરઠ પ્રાંતમાં એ સમયે આ અગત્યનું સ્થળ હોઈ ત્યાં ટંકશાળ રાખવાનો વિચાર આવ્યો હતો એ સ્વાભાવિક છે. મહમૂદશાહના અહિથી બહાર પાડેલા ચાંદીના તેમજ મિશ્રિત ધાતુના ઠીક ઠીક સંખ્યામા અને તાંબામાં સારી સંખ્યામા સિક્કા મળ્યા છે.

આ સિક્કાઓ સોરઠ વિજય હિ.સં ૮૭૫ માં થયો તે પછી ચોથા વર્ષથી લઈ મહમદશાહ બેગડા ના લગભગ અંતકાળ હિ.સં ૯૧૫ સુધીના લગભગ બધા વર્ષોના મળે છે. એના પુત્ર મુજ્જફ્ફર શાહ -૨ જાનાં સમયમાં પણ આ ટંકશાળ ચાલુ રહી હતી. એ હિ.સં ૯૨૬ ટંકાણવામાં આવી છે. એટલે ઓછામાં ઓછી હિ.સં ૯૨૬ સુધી ટંકશાળ ચાલુ રહી હતી એમ કહી શકાય. સુલતાન મહમદશાહના આ ટંકશાળ ના સિક્કાઓની ખાસ કરીને જુદા જુદા ભૌમિતિક લખાણ ક્ષેત્રો નોધપાત્ર છે.

મુસ્તફાબાદના એક પણ પ્રાપ્ય નમુના પર નગરનું અસલ નામ ( જુનાગઢ ) અંકિત મળતુ નથી એ હકીકત લેવી પડે મુસ્તફાબાદનું મનાર્હ ઉપનામ " શહે આઝમ " અર્થાર્ત ( સૌથી મોટુ નગર ) સિક્કા પર અંકિત થયેલુ વાચી શકાય છે.[5]

**4. મુહમ્મદાબાદ :- ચાંપાનેર**

હિ.સં ૮૮૯ માં ચાંપાનેર જીતી મુહમ્મદશાહ બેગડાએ તેનુ નામ મુહમ્મદાબાદ રાખ્યું. અહિ તેણે પોતાના રાજ્યને ટંકશાળ રાખી હતી. એમ તેના સિક્કા પરથી જણાય છે. અહી થી બહાર પડેલા સિક્કાઓ ઉપર ટંકશાળનું નામ ત્રણ રીતે અંકિત થયેલુ જોવા મળે છે. (૧) મુહમ્મદાબાદ (૨) મહમ્મદાબાદ ઉર્ફે ચાંપાનેર (૩) ચાંપાનેર એમાં ચાંપાનેર વાળા સિક્કાઓ સિવાય બીજા બે નામ સાથે માનવાચક ઉપનામ " શહે મુકર્રમ " અર્થાત માનવંતુ નગર નો પ્રયોગ થયો છે.

આ ટંકશાળનો સૌપ્રથમ ઉપલબ્ધ સિક્કો હિ.સં ૮૯૧ એટલે કે ચાંપાનેર વિજયના બે વર્ષ પછીનો છે.[6] તેનો છેલ્લો સિક્કો મુઝફ્ફરશાહ -૩ જાનો હિ.સં ૯૭૭ છે. આ ટંકશાળમાંથી સૌથી વધુ સુલતાનોના સિક્કા બહાર પડ્યા છે. ચાંપાનેરના સિક્કાઓમાં પણ મુસ્તફાબાદ ના સિક્કાઓ જેવુ ભાતનું વૈવિધ્ય જોવા મળે છે. સુરત જીલ્લામાં ધરમપુર તાલુકાના મોટી વહિયલ ગામથી મહમૂદ -૧ લા થી મુઝફ્ફરશાહ-૩જા સુધીના રાજવીઓના હિ.સં ૯૨૩ થી ૯૬૯ સુધીના લગભગ ૧૨૦ જેટલા સિક્કા મળ્યા છે.[7]

**5. દિવ :-**

સૌરાષ્ટ્રમાં આવેલ દિવનગર ખાતે એક ટંકશાળ હતી. એમ સલ્તનતકાલીન સિક્કાઓ પરથી જણાય છે. અત્યાર સુધી આ ટંકશાળના ૬ એક સિક્કા મળ્યા છે. જેમાં ત્રણ ચાંદીના અને બે તાંબાનાં

મહમૂદશાહ-૧ લાનાં એક તાંબાનો, મહમુદશાહ-3 જાનો છે. ચાંદીના સિક્કાઓમાં ટંકામણ વર્ષ હિ.સં ૯૦૦ છે. મહમૂદશાહનાં સિક્કા હિ.સં ૯૫૮ના મળે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઘણા લાંબા સમય સુધી અહિની ટંકશાળ ચાલુ હતી. સલ્તનત કાલમાં દિવ એક વ્યાપારી મથક હોવાથી રાજ્કીય દ્રષ્ટીએ એનુ મહત્વ સવિશેષ હતુ. એથી ત્યાં નાણાકીય સગવડ સચવાય. આ ટંકશાળમાંથી બહાદુરશાહનો એક પણ સિક્કો મળ્યો નથી એ નોધપાત્ર બીના છે. બહાદુરશાહના સમયમાં ગુજરાતમાં દિવ મહત્વનું બંદર મનાતું અને તેથીજ ફિરંગીયો અહિ પોતાનુ મથક સ્થાપવા લલચાયા હતા. દિવની ટંકશાળના સિક્કાઓ ઉપર " ખીત-એ-દીવ " અર્થાત ( કોટ બંધ નગર દીવ ) એમ અંકિત છે. મહુમદશાહ -3 જા પછીના કોઈ રાજવીઓના આ ટંકશાળના સિક્કા મળતા નથી. તેથી સંભવ છે કે મેહમુદશાહ -3 જા પછી આ ટંકશાળ કામ કરતી બંધ થઈ ગઈ હશે.[8]

**6. દોલતાબાદ :- વડોદરા**

મહમૂદશાહ-3 જાના મળી આવેલા બે સિક્કાઓ પરથી સલ્તનતની એક નવી ટંકશાળ દોલતાબાદ (વડોદરા) ખાતે હતી. એ સિધ્ધ થાય છે. આમાંના એક નમુના પર ટંકશાળનું નામ સાવ સ્પષ્ટ છે અને એના સિક્કા પર દોલતાબાદ (દોલત આબાદ ) અંકિત છે. ઉપરાંત વડોદરા માટે ફારસી ઈતિહાંસ પુસ્તકોમાં વપરાતા શબ્દ "બરોદા" નો 'બર' અંશ પણ વંચાય છે. એટલે દોલતાબાદ-વડોદરા ખાતે ટંકશાળ હતી એ નિ:શંક છે. મુઝફ્ફર-રજા ના રાજ્યારોહણના થોડા સમય બાદ વડોદરા તરફ પ્રસ્થાન કરી ત્યાં દોલતાબાદ શહેર વસાવ્યુ હતું. એમ ઈતિહાસકારો એ નોધ્યુ છે. એટલે દોલતાબાદ-વડોદરા ખાતે એના સમયમાં ટંકશાળ સ્થપાઈ હોય એ બનવા જોગ છે. પણ ત્યાંનો એનો કે ના ત્રણમાંથી એક પણ પુત્રનો સિક્કો હજુ સુધી મળ્યો નથી. અહીંના મહમૂદશાહ-3 જા ના સિક્કાઓ પર વર્ષ નથી. ટુંકમાં સલ્તનતકાલ દરમિયાન દોલતાબાદ(વડોદરા) ખાતે એક ટંકશાળ હતી એ સ્પષ્ટ હકીકત છે.[9]

**7. બૂરહાનપૂર :-**

મૂઝફ્ફરશાહ-૨ જાના હિ.સં. ૯૨૧-૨૩ અને ૯૨૬ માં ટંકાયેલા અમુક ચાંદીના તેમજ હિ.સં. ૯૨૦-૨૩ માં ટંકાયેલા અમુક તાંબાના સિક્કાઓ પર " બુરહાનપુર " નામ મળે છે. આ બુરહાનપૂર એ મધ્યપ્રદેશના પૂર્વનિમાડ જીલ્લામાં આવેલ ખાનદેશના ફારૂકી રાજાઓની રાજધાની હતી. આ ટંકશાળ હિ.સં ૯૨૦ અને ૯૨૬ વચ્ચે બહાર પડેલા માત્ર મુઝફ્ફરશાહ-૨ જાના ચાર ચાંદીના અને પાંચ તાંબાના સિક્કાઓ

સિવાય બીજા કોઈ સિક્કાઓ મળ્યા નથી એ જોતા અહીની ટંકશાળા બહુ થોડા સમય માટે ચાલુ રહી હશે સંભવ છે. કે અહિ તેની સત્તા બહુ થોડા સમય માટે રહી હોય. આ ઉપરાંત બ્રિટિશ મ્યુઝિયમ લંડનમાં એક હિ.સં ૯૭૧ માં મુઝફ્ફરશાહ-૩ જાના સિક્કાઓને ત્યાની યાદીમાં અનિશ્ચિત રૂપે " શાહિયાબાદ " ટંકશાળનો જણાવ્યો છે. શાહિયાબાદ નામે કોઈ સ્થળ ગુજરાતમાં જોવા મળતું નથી પણ માળવાની રાજધાની માંડૂનું ઉપનામ " શાહીદાબાદ" હતું એ ઐતિહાસિક હકીકત છે. હિ.સં ૯૭૧ નો આ સિક્કા એ સમયે મુઘલ સામ્રાજ્યમાં મેળવી દેવાયેલા માળવાની રાજધાની હોઇ એ સંભવ છે. વળી રેવ.ટેલરના મતે આ સિક્કો મુઝફ્ફરશાહ-૩ જાના તાંબાના સિક્કાની ભાતને મળતો છે. જેમાં આગલી બાજુ એ પદ્યંપંકિતનું બીજુ ચરણ અને બીજી બાજુ માત્ર સુલતાનનું નામ અને વર્ષ સંખ્યા છે.

આમ સલ્તનતકાલ દરમ્યાન ગુજરાતમાં ઉપર જણાવેલ સાત સ્થળોએ વ્યવસ્થિત રીતે ટંકશાળો ચાલતી હતી. અહીંની ટંકશાળના સિક્કાઓ ઉપરની સુલતાનો ની વંશાવળી વ્યવસ્થિત રીતે તૈયાર થઈ શકે છે.[10]

1. અહમદાબાદ ની ટંકશાળનો સિક્કો :-



*sultan muzaffar shah ibn mahmud shah and hijri date 991 within double square with dots in between, al sultan al-a'zam khuld allahu mulkahu wa sultanahu and mint name partly visible at bottom in margin, 11.32g, 23.00mm,*[11]

2. અહમદનગર(હિંમતનગર) ની ટંકશાળના સિક્કાઓ :-



**Gujarat Sultanate, Ahmadnagar Mint, Nasir-ud-Din Ahmad Shah, Copper Fulus, AH 841, Obv:** ***sultan ul azam nasir ud-din,*** **Rev:** ***al sultan ahmad shah,*** **9.05g, 19.48mm,**[12]

**3. મુસ્તફાબાદ (જુનાગઢ) ની ટંકશાળના સિક્કાઓ :-**



**Gujarat Sultanate, Nasir-ud-Din Mahmud Shah I, Mustafabad Mint, Silver 1/2 tanka, 907 AH, Obv: nasir al-dunya wa l din abul fath, date at bottom, Rev: mahmud shah al sultan in square, mint name around, 4.12g, 14.17mm,**[13]

**4. મુહમ્મદાબાદ (ચાંપાનેર) ની ટંકશાળના સિક્કાઓ :-**



**Gujarat Sultanate, Nasir-ud-din Mahmud I** (AH 862/3-917/1458/9-1511AD), **Muhammadabad** Urf **Champanir** Mint, **Silver 1/2 Tanka, Obv:** *al-sultan-al-azam nasir ud dunya wa'l din abul fath,* **Rev:** *mahmud shah al sultan within peaked square, in margin mint name,* **5.65g, 18.15mm,**[14]

**5. બુરહાનપુર ની ટંકશાળના સિક્કાઓ :-**



Gujarat Sultanate, Silver Tanka, 7.14g, Muzaffar Shah II (AH 717-932, 1511-1525 AD), Burhanpur Mint, AH 922. G&G G240[15]



**Gujrat Sultanate,** Muzaffar Shah-II /Coin-2 Year : A.H 917-932 / A.D 1511-1526, Mint : Shehar Burhanpur Denomination : TANKA, Metal : Copper Date : 923 A.H[16]

## સંદર્ભ સૂચિ & સિક્કાઓની ચિત્ર સુચિ


1 પરીખ પ્રવિણ ચંદ્ર, “ભારતનો સાંસ્કુતિક ઈતિહાસ (ઈ.સં ૧000 થી ૧૮૧૮)” pg.-૧૩૧,૧૩૨.

2 ડૉ.આચાર્ય નવીનચંદ્ર, "ગુજરાતના સિક્કાઓ" pg. - ૮૫ થી ૮૮

3 પંચાલ સમીર "ગુજરાત સલ્તનતના સિક્કાઓ અને રાજકિય ઈતિહાસ" pg.-૧૮૪ થી ૧૮૫

4 પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હ.ગ. " ગુ.રા.સાં.ઈ. ગ્રંથ. ૫(સલ્તનતકાલ), શેઠ ભો.જે. અધ્યયન સંસોધન વિધાભવન અમદાવાદ pg - ૨૪૮-૨૪૯

5 "ગુ.રા.સાં.ઈ. ગ્રંથ. ૫ (સલ્તનતકાલ)” pg - ૨૪૯-૨૫૦

6 P.W.M.C , Pg-205 આ સિક્કો ચાંદીનો છે

7 J.N.S VOL.- XV, Pg-224

8 સિકંદરકૃત "મિરાતે સિકંદરી" ( બડોદા ) Pg-૧૭૪

9 "ગુ.રા.સાં.ઈ. ગ્રંથ. ૫( સલ્તનતકાલ)” pg - ૨૫૧-૨૫૨

10 "ડૉ.આચાર્ય નવીનચંદ્ર " " ગુજરાતના સિક્કાઓ" pg.-૧૦૬

11 https://www.marudhararts.com/printed-auction/auction-no-24/lot-no-152/coins-of-india/hindu-medieval-of-india/pandyas/copper-kasu-of-jatavarman-sundar-pandya-i-of-imperial-pandyas-.html

12 https://www.marudhararts.com/e-auction/auction-no-25/lot-no-246/coins-of-india/sultanate-coins/gujurat-sultanate/04-nasir-al-din-ahmad-i-ah-813--846/1411--1442-ad-/copper-fulus-coin-of-nasir-ud-din-ahmad-shah-of-gujarat-sultanate-.html

13 https://en.wikipedia.org/wiki/Mahmud_Begada

14 https://www.marudhararts.com/printed-auction/auction-no-23/lot-no-724/coins-of-india/indian-princely-states/mewar-state/09-swarup-singh-1842-1861ad-/silver-rupee-of-udaipur-mint-of-swarup-shahi-series-of-mewar-.html

15 https://www.bombayauctions.com/viewlot.aspx?itemid=19313&auct%20ionid=1026lotno=373

16 http://www.anwarscoincollection.com/category/gujratsultanate/?r=1&l=rl&f%20st=0